જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । બુધવાર । તા. ૩૧-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

આ ઐતિહાસિક પળે વેદોક્ત ગણેશ મંત્ર-સ્વસ્તિ વાચન તથા નર્મદા મંત્રના ગાન સાથે જલાભિષેક કરાશે, અને રાષ્ટ્રાર્પણનો સંકલ્પ કરાશે

‘સરદારને સન્માન’ : સ્ટેચ્યુ ઓફ યુનિટીનું પીએમ મોદી કરશે લોકાર્પણ

વડાપ્રધાન મોદી સિવાય ભાજપ અધ્યક્ષ,રૂપાણી,નીતિન પટેલ,આનંદીબેન પટેલ,જીતુ વાઘાણી સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહેશે

કેવડિયા

વિશ્વની સૌથી મોટી સરદાર પટેલની પ્રતિમા બનીને તૈયાર થઈ છે. આવતીકાલે પીએમ મોદીના હસ્તે ૧૮૨ મીટરની ઉંચાઈવાળી સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ થશે. લોકાર્પણને લઈને તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. તંત્ર દ્વારા સુરક્ષાને લઈને હજારો પોલીસકર્મીઓ પણ તૈનાત કરવામાં આવ્યા છે.

૩૧ ઓક્ટોબરના સવારે ૯ કલાકે પ્રધાનમંત્રીનું ડેમનાં હેલીપેડ ખાતે આગમન થશે. ૯.૧૦ કલાકે વેલી ઓફ ફ્લાવરની મુલાકાત લેશે. ૯.૫૦ કલાકે ટેન્ટ સીટી પર આગમન થશે. ૧૦.૧૫ કલાકે સભા સ્થળ પર આગમન થશે. ૧૦.૨૦ કલાકે વોલ ઓફ યુનિટીની મુલાકાત લેશે. ૧૧.૩૫ કલાકે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરશે. આ દરમિયાન ભાજપ અધ્યક્ષ અમિત શાહ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને અનેક રાજ્યોના મુખ્યમંત્રી હાજર રહેશે.


લોકાર્પણના સમયે પ્રતિમા પર હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવશે. આ સાથે જ આ દરમિયાન ફોટોગ્રાફી પણ કરવામાં આવશે. ફોટોગ્રાફી માટે અલગથી સ્ટેજ પણ બનાવવામાં આવ્યું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્મારકને તા. ૩૧મી ઓક્ટોબરે સરદાર પટેલની જન્મ જયંતિ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી રાષ્ટ્રને અર્પણ કરશે ત્યારે ભારતીય વાયુ સેના ‘ફ્લાય પાસ’ કાર્યક્રમ દ્વારા આ વૈશ્વિક ઘટનાને યાદગાર બનાવશે.

આ ‘ફ્લાય પાસ’ કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સ્મારકના સ્થળ ઉપર પહોંચીને સ્ટેચ્યુ ઓફ યુનિટીના અનાવરણ માટે બટન દબાવશે તે જ ક્ષણે ભારતીય વાયુસેનાની સૂર્યકિરણની ટીમ સાધુ બેટના આકાશમાં ગગનભેદી નાદ સાથે ઉપસ્થિત થશે અને ભારતીય તિરંગાની પ્રતિકૃતિથી સમગ્ર આકાશને કેસરી, સફેદ અને લીલા રંગથી ભરી દેશે.

આ પ્રસંગે ઉદબોધન બાદ વડાપ્રધાન જ્યારે રાષ્ટ્રીય એકતાના પ્રતિક સમી ‘ધ વોલ ઓફ યુનિટી’નું અનાવરણ કરશે તે જ ક્ષણે ત્રણ જગુઆર ફાઇટર જેટ એકદમ નીચી કક્ષામાં નર્મદા ડેમ ઉપરથી સ્ટેચ્યુ ઓફ યુનિટીની દિશામાં ઉડાન ભરશે.

‘ધ વોલ ઓફ યુનિટી’નું અનાવરણ થયા બાદ વડાપ્રધાન મોદી જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્મારક ખાતે જઈને સરદાર પટેલના ચરણોમાં શ્રદ્ધા સુમન અર્પણ કરશે તે જ ક્ષણે ભારતીય વાયુસેનાના બે એમઆઈ-૧૭ હેલિકોપ્ટર પણ આકાશમાં એ જ સ્થાને ઉપસ્થિત થશે અને વડાપ્રધાનની સાથે સમગ્ર દેશના પ્રતિનિધિત્વ સ્વરૂપે સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર સરદાર પટેલના ચરણોમાં પુષ્પવૃષ્ટિ કરશે.



એમઆઈ-૧૭ હેલિકોપ્ટરની ટીમ અને જગુઆર પણ હવાઈ કરતબથી સરદાર પટેલને શ્રદ્ધાસુમન અર્પણ કરશે

પીએમ મોદીનો ૩૧ ઑક્ટોબરનો કાર્યક્રમ

- સવારે ૭:૪૫ વાગે રાજભવનથી સચિવાલય હેલિપેડ જશે.
- ૮:૦૦ વાગે હેલિકોપ્ટરથી કેવડિયા કોલોની જવા રવાના થશે.
- ૯:૦૦ વાગે કેવડિયા હેલિપેડ ઉપર પીએમનું આગમન.
- સૌ પહેલા તેઓ વેલી ઓફ ફ્લાવર જોવા જશે.
- વેલી ઓફ ફ્લાવર ખાતે ૨૦ મિનિટનું રોકાણ કરશે.
- ૯:૩૦ વાગ્યે પીએમ મોદી ટેન્ટ સિટી જશે.
- ૧૦:૦૦ વાગ્યે મુખ્ય સમારોહ સ્થળ ઉપર પહોચશે.
- સ્ટેજ પ્રોગ્રામ બાદ સરદાર પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમાનું લોકાર્પણ કરશે.
- સરદારની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે અને પ્રતિમાનું નિરીક્ષણ કરશે.
- ૧૨.૧૫થી ૧૨.૩૦ હેલિપેડથી વડોદરા એરપોર્ટ જવા રવાના થશે.
- લગભગ એક વાગ્યા આસપાસ વડોદરા એરપોર્ટથી દિલ્લી રવાના થશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ના વિરોધ ની લડત ચલાવતા આદિવાસીઓની ધરપકડ



ડેડીયાપાડા માં ૧૬ વ્યક્તિઓને સ્ટેચ્યુ કાર્યક્રમ માં વિરોધ ન કરે એ માટે અગાઉ થી ડિટેઈન કરી અજ્ઞાત સ્થળે લઈ જવાયા ઠેર ઠેર થી ધરપકડ નો દોર શરુ

આદિવાસી સમાજ માટે સમાજનાં પ્રશ્નોને લઈને લડત ચલાવતા લોકો ની ધરપકડ કરવામાં આવી

રાજપીપળા :સ્ટેચ્યુ ઓફ યુનીટીને લઈને તેનો સખત વિરોધ થઈ રહ્યો છે ત્યારે અને નર્મદા બંધ ના એલાન ને લઈને સમાજના કાર્યકર્તા એવા ભારત્તીય ટ્રાયબલ પાર્ટી ,કિસાન મજદુર સંઘના પ્રમુખ (ગુજરાત પ્રદેશ) ચૈતરભાઈ વસાવા , મહેશભાઈ ગેબુ બીટીપીના પ્રમુખ તથા ધર્મેશભાઈ, મહેંન્દ્રભાઈ અમરસીંગ ભાઈ, ચંદ્રસિગભાઈ, ગણેશભાઈ જેવા અનેક કાર્યકર્તાને સ્ટેચ્યુ ના લોકાર્પણ ના આગલે દિવસે પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી

આદીવાસી સમાજ માટે સ્ટેચ્યુ ઓફ યુનીટી નાં લીધે સમાજને કોઈ પણ ફાયદો થવાનો નથી ,આદિવાસી ને નથી રોજગારી મળવાની, અને નથી ડેમનું પાણી મળતું, આદીવાસીના હાક્કો અને જમીનો છીનવી લેવામાં આવી છે. જેનો આદીવાસી સમાજ ખૂબ વિરોધ કરે છે.પોસ્ટરો સાથે બિરસા મુંડા ને જોડવામાં આવેલ છે.પણ આદીવાસી સમાજ ના લોકો તમને માફ નહી કરે એમ આદિવાસી આગેવાનો એ જણાવ્યું હતું નજીકના સ્થાનિક નેતાઓને પણ સમાજ માટે કઈ પરવા નથી.જે આદિવાસી સમાજ માટે સમાજનાં પ્રશ્નોને લઈને લડે છે તેનીજ સરકાર દ્વારા ધરપકડ કરવામાં આવી છે.તો સમસ્ત આદીવાસી સમાજ જાગૃત થવાની જરૂર છે .અને જે સમાજ માટે લડે છે તેને સમગ્ર સમાજ સાથ સહકાર આપે એમ પણ આદિવાસી આગેવાનો એ જણાવ્યું હતું .

નર્મદા જિલ્લા માં સ્ટેચ્યુ ના વિરોધ કરતા ઘણા આદિવાસીઓ ને ડિટેઈન કર્યા હોવાનું ચર્ચામાં છે ત્યારે ઘણા આદિવાસી આગેવાનો ગુમ સ્થળે ખસી ગયા હોવાનું પણ જાણવા મળ્યું છે

આદિવાસીઓના હકના નાણાં સરકાર આપતી નથી, તેનાથી તાયફાઓ થઈ રહ્યા છે: છોટુ વસાવા

અમરેલી

પીએમ મોદીના કાર્યક્રમ પહેલા ધારાસભ્ય છોટુ વસાવાએ સરકાર સામે મોરચો ખોલ્યો છે. છોટુ વસાવાએ પ્રેસ કોન્ફરન્સ સંબોધી જણાવ્યુ કે, સરકારના વિરોધમાં આવતી કાલે અંબાજીથી ઉમરગામ વચ્ચે આવેલા તમામ ગામના લોકો ઉપવાસ કરશે.

વિશ્વની સૌથી ઊંચી સરદાર પટેલની પ્રતિમ સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું આવતીકાલે ૩૧ ઓક્ટોબરે લોકાર્પણ થશે, ત્યારે આદિવાસી વિસ્તારમાં તેનો વિરોધ થઇ રહ્યો છે. આ સંદર્ભે ઝઘડિયાના ધારાસભ્ય છોટુભાઈ વસાવાએ આજે અંકલેશ્વરમાં પત્રકાર પરિષદ સંબોધી હતી. જેમાં છોટુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યૂ સામે અમને કોઈ વિરોધ નથી. પરતું આ પ્રોજેક્ટને કારણે આદિવાસીઓના હક્કો છીનવાઈ રહ્યા છે. તેની સામે અમારો વિરોધ છે. જ્યાં સુધી આદિવાસીઓને તેમના હક્કો નહીં મળે ત્યાં સુધી અમારો વિરોધ ચાલુ જ રહેશે. અમારી એક જ માંગ છે કે, અમારા વિસ્તારમાં કલમ ૨૪૪-૧ની અમલવારી સાથે પાંચમી અનુસૂચિ લાગુ કરવામાં આવે. સ્થાનિક લોકોને તેમના હક્ક મળવાં જોઈએ. આદિવાસીઓના હક્કના નાણાંથી સરકાર તાયફાઓ કરી રહી છે.

ભારતીય સેના કાર્યક્રમને યાદગાર બનાવશે

ફ્લાય પાસ કાર્યક્રમમાં સુર્ય કિરણ ટુકડી પણ ભાગ લેશે

અમદાવાદ

સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ કાર્યક્રમને ઐતિહાસિક, યાદગાર અને સફળ બનાવવા માટે કોઇ કચાશ રાખવામાં આવી રહી નથી. કાર્યક્રમ વેળા ભારતીય હવાઇઓ દળ દ્વારા પણ દિલધડક પરાક્રમ દર્શાવવામાં આવનાર છે. ભારતીય હવાઇ દળ આકાશમાં તિરંગાની તમામનુ ધ્યાન ખેંચાય તે રીતે નયનરમ્ય પ્રતિકૃતિની રચના કરીને તમામને ગૌરવથી ભરી દેશે. આ ‘ફ્લાય પાસ’ કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સ્મારકના સ્થળ ઉપર પહોંચીને સ્ટેચ્યુ ઓફ યુનિટીના અનાવરણ માટે બટન દબાવશે તે જ ક્ષણે ભારતીય વાયુસેનાની સૂર્યકિરણની ટીમ આકાશમાં ગગનભેદી નાદ સાથે ઉપસ્થિત થશે અને ભારતીય તિરંગાની પ્રતિકૃતિથી સમગ્ર આકાશને કેસરી, સફેદ અને લીલા રંગથી ભરી દેશે. આ પ્રસંગે ઉદબોધન બાદ વડાપ્રધાન જ્યારે રાષ્ટ્રીય એકતાના પ્રતિક સમી ‘ધ વોલ ઓફ યુનિટી’નું અનાવરણ કરશે તે જ ક્ષણે ત્રણ જગુઆર ફાઇટર જેટ એકદમ નીચી કક્ષામાં નર્મદા ડેમ ઉપરથી સ્ટેચ્યુ ઓફ યુનિટીની દિશામાં ઉડાન ભરશે.ધ વોલ ઓફ યુનિટીનું અનાવરણ થયા બાદ વડાપ્રધાન મોદી જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્મારક ખાતે જઈને સરદાર પટેલના ચરણોમાં શ્રદ્ધા સુમન અર્પણ કરશે તે જ ક્ષણે ભારતીય વાયુસેનાના બે એમઆઈ-૧૭ હેલિકોપ્ટર પણ આકાશમાં એ જ સ્થાને ઉપસ્થિત થશે અને વડાપ્રધાનની સાથે સમગ્ર દેશના પ્રતિનિધિત્વ સ્વરૂપે સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર સરદાર પટેલના ચરણોમાં પુષ્પવૃષ્ટિ કરશે. સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રથમ હરોળના લોકનેતા, લોહપુરુષ અને ભારતદેશને એકતા અને અખંડિતતાના એકસૂત્રે બાંધનારા રાષ્ટ્રના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઇ પટેલને વીરોચિત શ્રદ્ધાંજલિ સ્વરૂપે ગુજરાતની ધરતી ઉપર આકાર લઇ રહેલાં વિશ્વના સૌથી ઊંચા એટલે કે ૧૮૨ મીટરની ઊંચાઇ ધરાવતા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ સરદાર સરોવર નર્મદા પરિયોજનાના સાનિધ્યમાં સાધુબેટ ખાતે કરાયું છે.

સરદાર પટેલની મૂર્તિ બનાવી તેના કરતાં જીવતાં લોકોનું જીવન સુધાર્યુ હોત તો સારું હતું : રાજ ઠાકરે

મુંબઈ

દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી ૩૧ ઓક્ટોબરના રોજ ઉજવાશે અને આ દિવસે વડાપ્રધાન મોદી ભારતના લોહ પુરુષ સરદાર પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમાનું લોકાર્પણ કરશે. આ પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા બનશે ત્યારે રન ફોર યૂનિટી પણ શરૂ થાશે. સરદાર પટેલની આ પ્રતિમાના નિર્માણ પર મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ પ્રશ્ન ઊભા કર્યા છે. રાજ ઠાકરેએ પોતાના નિવેદનમાં કહ્યું હતું કે જે લોકો મરી ગયા છે તેમની મૂર્તિ બનાવવા પાછળ કરોડોનો ખર્ચ કરવા કરતાં જે લોકો જીવે છે તેના જીવનને સારુ બનાવાની જરૂર હતી. રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે મૂર્તિ બનાવવા પર જે ખર્ચ થયો છે તે સરદારને પણ ગમ્યું નહીં હોય.

રાજ ઠાકરેએ ટ્વીટ કરી એક કાર્ટુન પણ શેર કર્યું છે. તેમાં લખ્યું છે કે, ૨૨૯૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. મહત્વપૂર્ણ છે કે સરદાર પટેલની જન્મજયંતિ પર સ્ટૈચ્યૂનું અનાવરણ કરવામાં આવશે. આ સ્ટૈચ્યુ નર્મદા જિલ્લાના સરદાર સરોવર ડેમ નજીક બનાવવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટની ઘોષણા ૨૦૧૦માં કરવામાં આવી હતી. સરદાર પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા બનાવવા માટે ૨૫,૦૦૦ ટન લોઢાનો અને ૯૦,૦૦૦ ટન સીમેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્ટૈચ્યૂ ૭ કિલોમીટરની દૂરી પણ જોઈ શકાય છે.



લોખંડી પુરુષ તરીકે ગણાતા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા છે. વિશ્વની ચાર સૌથી ઉંચી વિરાટ પ્રતિમાઓમાં સરદાર વલ્લભભાઈની પ્રતિમા સૌથી ઉંચી છે. જાપાનમાં ૧૦૦ મીટરની પ્રતિમા સેંદાઈની છે જ્યારે મ્યાનમાં ૧૧૬ મીટરની પ્રતિમા રહેલી છે. આ ઉપરાંતચીનમાં બુદ્ધની ૧૫૩ મીટરની ઉંચી પ્રતિમા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં ૨૫૦ ટેન્ટનુ નગર પણ તૈયાર

સ્થળને વૈશ્વિક સ્તર પર પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે અનેક નવતર આયામ ઉભા કરાયા : રોજગાર વધશે

અમદાવાદ

ઐતિહાસિક સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં નિર્માણાધિન ટેન્ટ સીટી હવે આકર્ષણનુ કેન્દ્ર બનનાર છે. આ ટેન્ટ સીટીમાં અતિ આધુનિક તમામ પ્રકારની સુવિધા રાખવામાં આવી છે. આધુનિક ટેન્ટ સીટી તમામને આકર્ષિત કરે તે પ્રકારે તૈયાર છે. નર્મદા મૈયાના કુદરતી સાનિધ્યમાં ૭૦ હજાર ચોરસ મીટર વિસ્તારમાં ૨૫૦ ટેન્ટનુ વિશાળ નગર નિર્માણ કરવામાં આવ્યુ છે. પહાડોની વચ્ચે તૈયાર તેની સુન્દરતા જોવાલાયક છે. ટેન્ટ સીટીને આધુનિક સુવિધા સાથે સજ્જ કરવામાં કોઈ કમી રાખવામાં આવી નથી. પ્રવાસીઓ અહીંથી સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાથે સાથે નર્મદા બંધ અને કુદરતી નજારાને જોઈ શકશે. પહેલ નવેમ્બર બાદથી આને પ્રવાસીઓ માટે ખોલી દેવામાં આવનાર છે. ટેન્ટ સીટીમાં સેમી ડીલેક્સ અને ડીલેક્સ સહિત ૨૫૦ ટેન્ટ બનાવવામાં આવ્યા છે.ટેન્ટ સીટી દેશભરના સહેલાણીઓ માટે અનેરો લ્હાવો પૂરો પાડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ સ્મારકનું આવતીકાલે લોકાર્પણ થશે. આ સ્થળને વૈશ્વિક સ્તરે પ્રવાસન સ્થળ તરીકે પ્રસ્થાપિત કરવા માટે અનેક નવતર આયામો ઊભા કરાયા છે. આ સ્થળની મુલાકાત લેનારા પ્રવાસીઓને કુદરતનું સાનિધ્ય મળી રહે અને પ્રવાસીઓને અહી રોકાવાનું મન થાય તેવું વાતાવરણ સર્જાયું છે. પૂર્ણ સલિલા નર્મદા નદીના કુદરતી સૌન્દર્યની વચ્ચે ટેન્ટ સીટીનું નિર્માણ કરાયું છે. તળાવ નં-૩ અને તળાવ નં-૪ના કિનારે પચાસ હજાર ચોમી અને વીસ હજાર ચોમી એમ બે સ્થાન ઉપર આ ટેન્ટ સીટી આકાર લઇ રહ્યુ છે. આ ટેન્ટ સીટીમાં જરૂરી માળખાકીય સુવિધાઓ, રોડ, વીજળી, પીવાનું પાણી જેવી શ્રેષ્ઠ સગવડો ઉપરાંત સમથળ જમીન ઉપર વિવિધ ભૂમિદ્રશ્યો ઉભા કરવામાં આવ્યા છે. તળાવ નં.૪ નજીકના પ્રથમ ટેન્ટ સીટીમાં પચાસ ટેન્ટ અને તળાવ નં.૩ના કિનારે આવેલા બીજા ટેન્ટ સીટીમાં ૨૦૦ ટેન્ટ બાંધવામાં આવ્યા છે. પ્રવાસીઓને ટેન્ટ સીટી ખાતે વડોદરાથી જવા આવવાની વ્યવસ્થા તથા સ્થાનિક ફરવાલાયક સ્થળોની મુલાકાત જેવી સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવશે. આ ટેન્ટ સીટીમાં રિસેપ્શન એરિયામાં સરદાર પટેલના જીવન કવન સાથે સંકળાયેલી ક્વીઝ પણ ઇન્સ્ટોલ કરવામાં આવી છે. અહી હરિત ઊર્જા સાથે આખું ટેન્ટ સીટી ઝળહળે તે માટે ૨૫૦ કિલોવોટ સૂર્ય ઊર્જા ઉત્પન્ન કરતી તરતી સૌર પેનલો ભવિષ્યમાં સ્થાપિત કરવાનું આયોજન પણ કરાયું છે. ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન દ્વારા આ આખું સંકુલ પર્યાવરણ હિતકારી બની રહેશે. આ એવું સ્થળ છે જ્યાં ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર દ્વારા એંઠવાડમાંથી બાયો-ફર્ટિલાઇઝર બનાવવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી આસપાસનો વિસ્તાર એકદમ સ્વચ્છ રહે તેની પણ કાળજી લેવામાં આવી છે. આ સંકુલનો લગભગ બે લાખ ચો. મી.નો વિસ્તાર સંપૂર્ણતયા સાફ-સ્વચ્છ રહે તે માટે બીવીજી ઈન્ડિયા પ્રા. લિને ફરજ સોંપાઇ છે. આ કંપની સફાઇ કામગીરી માટે આશરે ૧૦૦ કામદારોની ફોજને કામે લગાડશે. આ ટેન્ટ સીટીને કારણે ઉભી થનારી રોજગારીની તકો પૈકી ૮૫ થી ૯૦ ટકા રોજગારીની તકો સ્થાનિક યુવાઓ માટે નિર્માણ થશે જેનાથી સ્થાનિક લોકોને માત્ર રોજગારી મળશે એવું નથી આ વિસ્તારના આર્થિક વિકાસને નવો વેગ મળશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી સંકુલ ખાતે ખાસ તાલીમ પામેલા ગાઇડની સેવા પણ ઉપલબ્ધ હશે. માત્ર એક મહિનામાં જ સઘન તાલીમ દ્વારા ૮૦ વ્યાવસાયિક ગાઇડને તૈયાર કરવામાં આવ્યા છે. તે પૈકી ૬૦ ગાઇડ તો નેશનલ ઈસ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી નીફ્ટ દ્વારા ડિઝાઇન કરી તૈયાર કરાયેલા યુનિફોર્મમાં સજ્જ થઈને ટેન્ટ સીટીમાં ફરજ બજાવશે શ્રેષ્ઠ તાલીમ પામેલા આ ૬૦ ગાઇડમાં ૧૪ મહિલાઓ અને ૪૬ યુવાનો છે.

ભાજપના નેતાને દાઉદ ગેંગની ધમકી મળતા ચકચાર મચી

સુરત

ઉદ્યોગકાર અને ભાજપના ઓલ ઈન્ડિયા લઘુમતી મોરચાના સભ્ય તેમજ કેન્દ્ર સરકારના નેશનલ કાઉન્સિલ ફોર પ્રમોશન ઓફ ઉર્દૂ લેન્ગવેજના પણ સભ્ય કાદર વાડીવાળા તેમજ તેમના પુત્રને અંડરવર્લ્ડના ડી ગેંગના કુખ્યાત ગેંગસ્ટર એજાજ લાકડાવાળા દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે.

ભાજપના જ રાજમાં ભાજપના જ આગેવાનોને મળેલી ધમકી અંગે કાદર વાડીવાળા દ્વારા પોલીસને જાણકરવામાં આવતા ડીસીબી પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.ફોન પર બાપ દીકરાએ અજાણ્યા નંબર ન ૦૬૮૧૭૨૩૭૨૯૩૬૪૩નંબર પરથી મેસેજ કરવામાં આવ્યો હતો. જેમાં લખાયું હતું કે,મેંરે કોલ કા જવાબ નહીં દેગા તો ભેંજે મેં લગેગી. હાલ સમગ્ર મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ચોકબજાર ચારાગલી ખાતે રહેતા કાદર વાડીવાળા અને તેમનો પુત્ર અયાઝ સુરતમાં જમીનની લે વેચના ધંધા સાથે સંકળાયેલા છે. કાદર વાડીવાળા દાયકાઓથી ભાજપ સાથે સંકળાયેલા છે. સુરત ભાજપમાં વિવિધ સંગઠનોમાં પણ સેવા આપી ચુક્યા છે. હાલમાં પણ કાદર વાડીવાળા ભાજપના ઓલ ઈન્ડિયા લઘુમતી મોરચના સભ્ય છે અને સાથે સાથે કેન્દ્ર સરકારના માનવ સંશાધન વિભાગની નેશનલ કાઉન્સિલર ફોર પ્રમોશન ફોર ઉર્દૂ લેંગ્વેજના સભ્ય છે. કાદર વાડીવાળા ચોકબજારમાં સીએનજી પંપ પણ ધરાવે છે જેમને ગત ૨૫મી ઓક્ટોબરના રોજ મોબાઈલ પર ફોન આવ્યો હતો. પણ અજાણ્યો અને વિદેશનો નંબર હોવાથી તેમણે ફોન ઉંચક્યો નહોતો. આથી ૨૮મીના રોજ આ જ નંબર પરથી ફોન આવ્યો જે ન ઉંચકતા તેમાથી મેસેજન આવ્યો હતો. ધમકીના મેસેજથી શહેરમાં ફરી અંધારી આલમ સક્રિય થય હોવાના સંકેત સાથે ક્રાઈમબ્રાન્ચે વધુ તપાસ હાથ ધરી છે.

દક્ષિણ ગુજરાતમાં ઠંડીના ચમકારા નવસારીમાં ૧૪ ડિગ્રી તાપમાન

સુરતમાં પણ મળસ્કે શિયાળાનો અનુભવ

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ધીરે ધીરે તાપમાનનો પારો ઘટી રહ્યો છે. અને મળસ્કે ફુલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. નવસારી અને વલસાડમાં શિયાળો જામવાની શરૂઆત થઈ ચૂકી છે. જ્યારે સુરતમાં દિવાળી બાદ ઠંડી જામે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યૂનત્તમ તાપમાન ૨૨ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૪.૨ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. પવનની દિશા ઉત્તર તરફના થતા ઠંડીમાં વધારો થવા લાગ્યો છે. દિવસ દરમિયાન તાપમાનમાં ૨ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું છે. નવસારી શહેર અને જિલ્લામાં અત્યારથી જ મળસકે ફુલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં ઠંડી જામે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

સિલિંગની પીઓપી તૂટી પડવા અંગે અપક્ષ સભ્યોનું હેલ્મેટ પહેરી વિરોધ પ્રદર્શન

વલસાડ

વલસાડ નગર પાલિકા કચેરીમાં કારોબારી ચેરમેનની ઓફિસની સિલિંગની પીઓપીની શીટ તૂટી પડી હતી. જેને લઈને યોજાયેલી નગર પાલિકાની સામાન્ય સભામાં અપક્ષ સભ્યો હેલ્મેટ પહેરી આવ્યા હતા.

પાલિકાના નવા બિલ્ડીંગમાં આવેલી કારોબારી ચેરમેનની કેબિનનું પીઓપીની શીટ તૂટી પડતાં પાલિકાના સભ્યોમાં આશ્ચર્યની લાગણી ફેલાઇ ગઇ હતી. છાશવારે વાયરિંગ માટે પીઓપી ખોલીને મરામત કર્યા બાદ ફિટિંગ કામમાં વેઠ ઉતારવામાં આવતા ઢીલી થઇ ગયેલી પીઓપીની શીટ તૂટી પડી હતી.બે સભ્યો કેબિનમાં હાજર હતા,પરંતુ સદનસીબે તેમને કોઇ ઇજા પહોંચી ન હતી. જોકે, નગર પાલિકાની સામાન્ય સભામાં અક્ષપના સાત જેટલા સભ્યો હેલમેટ પહેરી આવ્યા હતા. અને સિલિંગની પીઓપી તૂટી પડવા અંગે વિરોધ નોંધાવ્યો હતો. પાલિકાની સામાન્ય સભામાં વિપક્ષ કોંગ્રેસે સૂચિત ઘનકચરા વેરો માસિક રૂ.૩૦૦ કરવા માટે કરેલો ઠરાવ અને તેમાં વાંધા સૂચનો મગાવવા મુદે કોંગ્રેસના કાઉન્સિલર અને વિપક્ષ નેતા ગીરીશ દેસાઇએ અપક્ષો સાથે વિરોધ રજૂ કર્યો હતો. જ્યારે અપક્ષોએ પાલિકા પ્રમુખને તાજેતરમાં લેખિત વાંધાઓ રજૂ કરી ગત સભાની મિનિટ્સમાં ક્ષતિઓ સામે ભારે વિરોધ દર્શાવ્યો હતો. મિનિટ્સમાં અપક્ષોએ સુધારો કરવાની માંગ કરી હતી.

નવસારીમાં પ્રથમ તબક્કાની એકતા યાત્રાનું ધકવાડા ખાતે સમાપન થયું

નવસારી જિલ્લામાં એકતા યાત્રાને ભવ્ય આવકાર મળ્યો

નવસારી,

નવસારી જિલ્લામાં પ્રથમ તબક્કાની તા.૨૦ મી થી શરૂ થયેલી એકતા રથયાત્રાને નવસારી જિલ્લાના જલાલપોર, નવસારી અને ગણદેવી તાલુકાના ૧૧૮ જેટલા ગામડાંઓ ફરી નાગરિકોમાં એકતાનો સંદેશો ગુંજતો કરી ગામેગામ ભવ્ય આવકાર મળ્યો હતો. નવસારી જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અંતર્ગત પ્રથમ તબક્કાની એકતા રથયાત્રાને પ્રજાજનો તરફથી અભૂતર્પવ માન-સન્માન અને ઉષ્માભર્યો આવકાર મળ્યો છે. ગામેગામ સરપંચ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ એકતા રથયાત્રામાં જોડાયા હતાં. તા.૨૦ મીએ મરોલી ખાતેથી પ્રથમ તબક્કાની એકતાયાત્રાને રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઇ પરમારે લીલીઝંડી ફરકાવી, પ્રસ્થાન કરાવી હતી. ત્યારબાદ જલાલપોર તાલુકાના ૪૧, નવસારી તાલુકાના ૪૦ અને ગણદેવી તાલુકાના ૩૭ ગામોમાં, રથમાં સરદાર પટેલની બિરાજેલ પ્રતિમાને પુષ્પમાળા, આરતી કરી અભૂતપૂર્વ માન-સમાન અને ઉષ્માભર્યો આવકાર મળ્યો હતો.

ગામેગામ એકતાયાત્રાની લોકો મુકત મને પ્રશંસા કરી સન્માનપૂર્વક તિલક અને ફુલહાર કરી ભાવાંજલિ અર્પી હતી. આ યાત્રાથી લોકો સરદાર સાહેબના જીવન ચરિત્રમાંથી પ્રેરણા મેળવી હતી.

સ્વતંત્રતા સમયે ૫૬૨ રજવાડાંઓનું વિલીનીકરણ કરી દેશને અખંડ રાખનાર તથા રાષ્ટ્ર નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપનાર સરદાર સાહેબનો સંદેશો ગુંજતો કર્યો હતો.

દેશના મહાન રાષ્ટ્રસપૂત સરદાર વલ્લભભાઇ પટેલના યોગદાનને વિશ્વફલક પર મુકવા આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની સુચના અને માર્ગદર્શનથી સમગ્ર વિશ્વમાં ૧૮૨ મીટરની સૌથી ચી પ્રતિમાનું નિર્માણ થવા દેશવાસીઓ વડાપ્રધાનની મુકત મને સરાહના કરી બિરદાવી રહયાં છે.

નવસારી જિલ્લામાં પ્રથમ તબક્કાની એકતા યાત્રા આજે ધોલાઇ, પોંસરી, બિગરી, વણગામ, ખાપરવાડા, ગોયંદી, ભાઠલા, વાઘરેચ, તલોધ, દેવસર, ધકવાડા ગામે એકતા રથનું ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશભાઇ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અમીતાબેન પટેલ, પૂર્વમંત્રી શ્રી મંગુભાઇ પટેલ, માજી ધારાસભ્ય શ્રી લક્ષ્મણભાઇ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ ભાણીબેન, શ્રી પ્રજ્ઞેશ પટેલ, શ્રી વિજયભાઇ, શ્રી કમલેશભાઇ સહિત જિલ્લાના પદાધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનોએ એકતા રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરી વધાવી હતી. પ્રથમ તબક્કાની એકતાયાત્રાનું ગણદેવી તાલુકાના ધકવાડા ગામે સમાપન કરાયું હતું.

રઘુકુળ ટેક્સટાઈલ માર્કેટના વેપારી સાથે ૯૯ લાખની ઠગાઈ

બે વેપારીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ

સુરત

રઘુકુળ માર્કેટના એક વેપારી સાથે રૂા. ૯૯.૧૭ લાખનો ચૂનો ચોપડી બે આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ સલાબતપુરા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂઈળ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ગોઠવા ગામના વતની અને હાલમાં ભટાર-અલથાણ કેનાલ રોડશાલીન એવન્યુ ખાતે રહેતા પ્રકાશભાઈ પટેલની રિંગરોડ રઘુકુળ માર્કેટ ખાતે કાપડની દુકાન આવેલી છે. ગત જુલાઈ-૨૦૧૮ થી ૮મી ઓક્ટોબરના માયા ફેશનના વહીવટકર્તા વિજય ચંપાલાલ છાજડે તથા મનોજ પાંડે કાપડનો માલ ઉધારમાં મેળવ્યો હતો. ત્યારબાદ ૨૦ થી ૨૨ દિવસમાં પેમેન્ટ નહીં ચૂકવી દુકાન તથા મોબાઈલ ફોન બંધ કરી રૂા. ૯૯.૧૭ લાખનો વિશ્વાસઘાત કરી ઉધનાના માયા ફેશનના વહીવટ કર્તા વિજય છાજડે તથા મનોજ પાંડે (દલાલ) ફરાર થઈ ગયા હતા. પોલીસે વિશ્વાસ ઘાતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મહિધરપુરામાં યુવતીનો હાથ પકડી શારીરિક છેડતી

સુરત

મહિધરપુરા વિસ્તારમાં રહેતી એક યુવતિની લાજ લૂંટવાના કરવામાં આવેલા પ્રયાસમાં એક આરોપી સામે પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સૈયદપુરા પમ્પિંગ સટેશન સામે આવેલા એસએમસી ક્વાર્ટર ખાતે અરૂણભાઈ ભરતભાઈ સુરતી રહે છે. આરોપી અરૂણભ,ાઈએ મહિધરપુરા વિસ્તારમાં રહેતી એક ગત તા. ૧૧મી ઓક્ટોબરના રોજ હાથ પકડી આબરૂ લેવાના ઈરાદે છાતીમાં હાથ નાખી શરીર સુખ માણવાની વાત .

દિવાળી વેકેશન સંદર્ભે ગુજરાત એસટી નિગમ દ્વારા વધારાની બસો દોડશે

સમગ્ર ગુજરાત તથા મહારાષ્ટ્રમાં પણ વધારાની બસો ઉપડશે

વલસાડ

ગુજરાત રાજય મોટર વાહન વ્યવહાર નિગમ દ્વારા દિવાળીના તહેવારોમાં વતન જવા માટે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્ર રાજ્યમાં વધારાના મુસાફરોની સગવડતા માટે વલસાડ વિભાગના તમામ ડેપો દ્વારા તા.૩૦/૧૦/૧૮થી તા.૬/૧૧/૧૮ દરમિયાન જરૂરિયાત અનુસાર વધારાની બસો દોડાવવાનું આયોજન કરાયું છે. જેનો સર્વે મુસાફર જનતાને લાભ લેવા અનુરોધ કરાયો છે. આ ઉપરાંત વલસાડથી અમદાવાદ, દાહોદ, ઝાલોદ, આહવાથી સેલવાસ, બીલીમોરાથી અમદાવાદ, દાહોદ ઝાલોદ, ધરમપુરથી અમદાવાદ, લુણાવાડા, વાપીથી અમદાવાદ, ઉમરગામથી અંબાજી અને નવસારીથી ઝાલોદ, દાહોદ તેમજ આંતરરાજ્ય સર્વિસ નવસારીથી ચાલીસગાંવ સવારે ૭-૦૦ અને ૧૧-૦૦ કલાકે તથા ચાલીસગાંવથી નવસારી બપોરે ૧૪-૩૦ અને સાંજે ૧૮-૩૦ કલાકે, વાપીથી શિરડી ૧૯ કલાકે અને પરત શિરડીથી વાપી સવારે ૪-૦૦ કલાકે, વાપીથી નાશિક બપોરે ૧૫-૦૦ કાકે અને પરત નાશિકથી વાપી રાત્રે ૨૦-૦૦ કલાકે દિવાળી સ્પેશિયલ ઉપડશે. જો એકાવન મુસાફરોનો સમૂહ હોય તો માગો ત્યાંથી જ્યાં જવાના હોય ત્યાં સુધીની બસ સેવા આપવામાં આવશે. એડવાન્સ બુકિંગ કરાવનારને ત્રણથી વધુ હોય તો હાલની રાહત પણ મળશે. તમામ બસો જીપીએસ આધારિત હોય નિયમન તથા સલામત મુસાફરી થશે, એમ વલસાડ વિભાગીય નિયામક વી.એચ.શર્મા દ્વારા જણાવાયું છે.



તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટીનું સપનું જોઈને શિલાન્યાસની વિધિ ૨૦૧૩માં કરી હતી. ત્યારબાદ મક્કમ ઈરાદા અને મજબૂત ઈચ્છા શક્તિ વચ્ચે નિર્માણકામ શરૂ થયું હતું અને આજે વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમા તૈયાર થઈ ચુકી છે જેનું લોકાર્પણ હવે થશે. ફાઈલ ફોટોમાં મોદી શિલાન્યાસ કરતા અને ત્યારબાદની નિર્માણ પ્રક્રિયા તથા તૈયાર પ્રતિમા નજરે પડે છે.

ભરૂચમાં વાહનની ટકકરે વીજ લાઈનનો થાંભલો ધરાશાયી થતાં ૧૨ વર્ષિય બાળકનું મોત

લીમડી ચોક વિસ્તારમાં આવેલા નન્નુ મિંયા ફળિયામાં રમતા બાળક ઉપર પડ્યો વીજ પોલ.



ભરૂચનાં લીમડી ચોક પાસે મંગળવાર બપોરનાં સમયે નન્નું મિયાં ગરનાળા પાસે વાહનની ટકકરે જીઈબીનો થાંભલો પડતાં ૧૨ વાર્ષિક બાળક દબાયો હતો. જેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.જયાં ફરજ પરનાં હાજર તબીબે બાળકને મૃત જાહેર કર્યો હતો.

લીમડી ચોક વિસ્તારમાં બપોરનાં સમયે એક બાળક વિશાલ મહેશ વસાવા ઉંમર વર્ષ ૧૨ પોતાના ફળિયામાં એક રમી રહ્યો હતો.દરમિયાન ફળિયામાંથી પસાર થતી રહેલા ટેમ્પાની ટક્કર જીઈબીના વીજ પોલને વાગતાં થાંભલો અચાનક ધરાશાયી થયો હતો.થાંભલો બાળક ઉપર પડતાં દોડધામ મચી હતી. ઘટનાને પગલે લોકો દોડી આવ્યા હતા.સ્થાનિક લોકોએ તાત્કાલિક ૧૦૮ ને જાણ કરતાં બાળકને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.જયાં ફરજ ઉપરનાં તબીબે બાળકને મૃત જાહેર કર્યો હતો.બી ડિવિઝન પોલીસે બનાવ અંગે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

દિવાળી વેકેશનમાં સહેલાણીઓ માટે સાપુતારામાં દિવાળી ફેસ્ટિવલ

તા.૩ નવેમ્બરથી ફેસ્ટિવલનો આરંભ થશે

આહવા

ગુજરાતકી આંખોકા તારા, એટલે સાપુતારા. ગુજરાતના આ એકમાત્ર લાડલા ગિરિમથક ખાતે આવતા સહેલાણીઓ માટે દિવાલી ફેસ્ટિઆવલનું આયોજન નોટીફાઇડ એરીયા કચેરી દ્વારા આગામી તા. ૦૩/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ સુધી કરવામાં આવનાર છે. તા.૦૩/૧૧/૨૦૧૮ના રોજ સાંજે ૨૦-૦૦ કલાકે પ્રભારી મંત્રીશ્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને દિવાળી ફેસ્ટીવલ-૨૦૧૮નો શુભારંભ કરવામાં આવશે. તેઓની સાથે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બીબીબેન ચૌધરી, ધારાસભ્યશ્રી મંગળભાઇ ગાવિત, જિલ્લા કલેકટરશ્રી બી.કે.કુમાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે.વઢવાણીયા તથા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીમતિ શ્વેતા શ્રીમાળી જોડાશે. દિવાળી ફેસ્ટીવલ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની મઝા સહેલાણીઓ માણી શકશે.

સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં વિનામૂલ્યે રોગ નિદાન શિબિર

કાલિયાવાડીમાં ધનવંતરી સપ્તાહની ઉજવણી

નવસારી

નિયામકશ્રી ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિની કચેરી ગાંધીનગર દ્વારા સરકારી આયુર્વેદ હોસ્પિટલ કાલિયાવાડી ધનવંતરી સપ્તાહની ઉજવણી નિમિત્તે આયુર્વેદ પધ્ધતિથી સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા.૩૧/૧૦/૨૦૧૮ થી તા.૦૩/૧૧/૨૦૧૮ સુધી સવારના ૯-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમિયાન યોજાશે. જેમાં ડાયાબીટીશ, પ્રેશર, પેટના રોગ, હરસ, મસા, ભગંદર, સ્ત્રી રોગ, તાવ-ખાંસી, શરદી, માથામાં દુ:ખાવો, ચામડીના રોગો, એસીડીટી, સાંધાના દુ:ખાવો વગેરેની તપાસ કરી સ્થળ ઉપર જ વિનામૂલ્યે તપાસ કરી આયુર્વેદ દવાઓ આપવામાં આવશે. તથા ઋતુજન્ય રોગચાળા રક્ષણ માટે અમૃતપેય ઉકાળાનું વિતરણ કરવામાં આવશે. તો જરૂરિયાતમંદ તમામ ભાઇ-બહેનોએ આ કેમ્પનો લભા લેવા સરકારી આયુર્વેદ હોસ્પિટલ, કાલિયાવાડી, નવસારી ધ્વારા જણાવાયું છે.

હજીરા ઓએનજીસીમાં ઘટાદાર વૃક્ષો કાપવાના મુદ્દે મુખ્યમંત્રીને ફરિયાદ

સુરત જિલ્લા વન વિભાગે ઓએનજીસી સંકુલમાં ઈન્સ્પેકશન હાથ ધર્યું

સુરત

ઓએનજીસી હજીરામાં ૨૫ વર્ષ જુના લીંમડા, ગુલમહોર અને પેલ્ટાફાર્મના વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું હોવાની ફરિયાદ પછી વન વિભાગની ટીમે ઓએનજીસી પરિસરમાં ઈન્સ્પેકશન કર્યું હતું. તે પછી આજે ઇચ્છાપોર અને ભાઠાગામના ગ્રામીણોએ જિલ્લા પંચાયતના સભ્ય દર્શન નાયકની આગેવાનીમાં જિલ્લા કલેકટર અને નાયબ વન સંરક્ષક સુરતને આવેદનપત્ર આપી વન વિભાગની મંજી વિના વૃક્ષોના નિકંદન માટે સૌરાષ્ટ્ર સિલિંગ એકટ ૧૯૫૧ મુજબ જવાબદાર અધિકારીઓ સામે કાનુની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ગ્રામીણોએ એક ફરિયાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પણ કરી છે. ગઇકાલે દેવરાજ ચિત્તો નામના વન અધિકારીના નેતૃત્વમાં ગયેલી ટીમને ઓએનજીસીએ એવો ખુલાસો કર્યો હતો કે ખેર અને છુબાવળના ૨૫ વર્ષ જુના વૃક્ષ પડી ગયા હતા. કંપનીએ કોઇ વૃક્ષ કાપ્યા નથી. જો કે વન વિભાગની ટીમના ઇન્સપેકશનમાં ઓએનજીસીની એક ગંભીર બેદરકારી છતી થઇ હતી. કંપનીના પરિસરમાં અને તેને લાગુ વિસ્તારમાં સુકા ઘાસનું વિશાળ જંગલ ઉભુ થયું છે. કંપનીના કર્મચારીઓને ૧ પોઇન્ટથી બીજા પોઇન્ટ રિડિંગ કરવા માટે જવું હોય તો પણ રસ્તો બચ્યો નથી. આ સુકા ઘાસમાં આગ લાગે તો કંપનીના હજીરા પ્લાન્ટથી છેક જગદીશપુર સુધી મોટી હોનારત સર્જાઇ શકે તેમ છે. હજીરાના મોટા ઉદ્યોગગૃહોને ગેસ સપ્લાય પણ આ પ્લાન્ટ થકી કરવામાં આવી છે.

સુરતમાં ચોર ગેંગનો આતંક: ગામલોકો-તસ્કરો વચ્ચેની ઝપાઝપી કેમેરામાં કેદ

સુરત

ખટોદરા વિસ્તારમાં આવેલા સરસાણા ગામમાં છેલ્લા એક મહિનાથી ચોર ગેંગે આતંક મચાવ્યો છે. એક મહિનામાં તસ્કરોએ લાખો રૂપિયાની ચોરી કરી હતી. જેથી ગામલોકો રાત્રે પહેરીદારી કરી રહ્યા છે. દરમિયાન ગામલોકોએ પાંચ તસ્કરોને પકડી પોલીસે હવાલે પણ કર્યા હતા. દરમિયાન એક દિવસ તસ્કરો અને ગામલોકો વચ્ચે ઝપાઝપી પણ સર્જાઈ હતી. જ્યારે આ ચોર ગેંગ સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી.

ખટોદરા વિસ્તારમાં આવેલા સરસાણા ગામમાં છેલ્લા એક મહિનાથી ચોર ગેંગ સક્રિય થઈ છે. સરસાણા ગામના એક ઘરમાંથી ૪૦ લાખની મત્તાની ચોરી થઈ હતી. ત્યારબાદ એક મંદિરને પણ નિશાન બનાવી હતી. દરમિયાન સીસીટીવી સાથે ગામલોકોએ પોલીસમાં રજૂઆત કરી હતી. જોકે, પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી ન કરાઈ હોવાનો ગામલોકોએ આક્ષેપ કર્યો હતો. અને ગામના યુવાનોએ રાત્રે જાગીને પહેરેદારી શરૂ કરી હતી. જેમાં પાંચ જેટલા તસ્કરોને પકડી પોલીસ હવાલે કર્યા હતા. છેલ્લા અક મહિનાથી ચોર ગેંગના આતંકથી ગામવાસીઓએ જાતે જ ગામની પહેરેદારી શરૂ કરી દીધી છે. જેમાં એક દિવસ તસ્કરો આવતા લોકો દોડ્યા હતા. અને ઝપાઝપી સર્જાઈ હતી. જોકે, કેટલાક તસ્કરો ભાગવામાં સફળ થઈ ગયા હતા. અને પાંચ જેટલા તસ્કરો ઝડપાઈ ગયા હતા. જેને પોલીસ હવાલે કર્યા હતા. અ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે.

સરથાણામાં રાત્રિ સમયે સગા મામાએ ૧૪ વર્ષની ભાણી પર ગુજારેલો બળાત્કાર

તરૂણીએ ફરિયાદ નોંધાવતા દુષ્કર્મ ગુજારનાર ૨૪ વર્ષના યુવકની ધરપકડ

સુરત

સરથાણામાં દુષ્કર્મની વધુ એક ફરિયાદ સામે આવી છે. અહીં એક ૧૪ વર્ષની કિશોરીને તેના સગા મામાએ હવસનો શિકાર બનાવી છે. આ અંગેની ફરિયાદ મળતા સરથાણા પોલીસે આરોપી મામાની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે સરથાણામાં ૨૪ વર્ષીય યુવકે તેની સગી ભાણી પર દુષ્કર્મ આચર્યું હતું. પરિવાર જ્યારે રાત્રે ઉંઘી રહ્યા હતો ત્યારે સુનિલ નામના યુવકે તેનો ગેરફાયદો ઉઠાવાને તેની સગી ભાણીને જ પીંખી નાખી હતી. કિશોરીઓ આ અંગેની જાણ તેની માતાને કરતા સમગ્ર પ્રકરણ સામે આવ્યું હતું. દુષ્કર્મી અન્ય કોઈ નહીં પરંતુ તેનો સગો ભાઈ હોવાનું જાણીની કિશોરીની માતાના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. આ અંગે પરિવારના અન્ય સભ્યોને વાત કરતા અંતે ફરિયાદ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ અંગે પરિવારે મોડી રાત્રે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી. પોલીસે આ અંગે કાર્યવાહી કરતા સુનિલની ધરપકડ કરીને પીડિત કિશોરીને મેડિકલ તપાસ માટે સ્મિમેર હોસ્પિટલમાં મોકલી આપી હતી. બળાત્કારનો આરોપી ૨૪ વર્ષીય સુનિલ તેની બહેન સાથે સુરતમાં રહેતો હતો. સુનિલ કારખાનામાં મજૂરી કામ કરતો હતો. પોલીસે આ અંગે જણાવ્યું હતું કે આરોપી સુનિલ બાળપણથી જ તેની બહેન સાથે રહેતો હતો. સુનિલ મૂળ મધ્ય પ્રદેશનો છે. તેના લગ્ન નથી થયા. પરિવાર રાત્રે ટેરેસ પર ઉંઘી રહ્યો હતો ત્યારે તેની દાનત બગડી હતી અને સગી ભાણીને જ પોતાનો શિકાર બનાવી હતી.

આ બનાવ અંગે તરૂણીએ જાતે સરથાણા પોલીસ મથકમાં મામા સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બળાત્કાર, પોસ્કોની ફરિયાદ નોંધી આરોપીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ભારતના સૌથી પ્રદૂષિત શહેરોમાં દિલ્હી પ્રથમ સ્થાને કાનપુર બીજા સ્થાને અને ગુરુગ્રામ ત્રીજા સ્થાને

ભારતમાં વાયુ પ્રદૂષણના કારણે ૨૦૧૬માં ૧,૧૦,૦૦૦ બાળકોનાં મોત થયા : WHO

ભારતમાં ૨૦ લાખ લોકો પ્રદુષણના કારણે મોતને ભેટ્યા છે,દુનિયામાં પ્રદૂષિત હવાથી થનારી દર ચાર લોકોની મોતથી એક વ્યક્તિનું મોત ભારતમાં નોંધાઈ રહ્યું છે

ન્યુ દિલ્હી

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ભારતમાં પ્રદૂષણના કારણે વર્ષ ૨૦૧૬માં ૧,૧૦,૦૦૦ બાળકોનાં મોત થયા હતા. રિપોર્ટ અનુસાર, આ બાળકોના મૃત્યુનો સંબંધ ભારતની સતત ઝેરીલી બનતી હવા સાથે છે. આટલું જ નહીં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનાં મૃત્યુના કિસ્સામાં ભારતે સમગ્ર વિશ્વને પાછળ છોડ્યું છે. વાસ્તવમાં, આ બાળકોના મૃત્યુનું કારણ પી.એમ. ૨.૫ છે જે વાયુ પ્રદૂષણના કારણે ઝડપથી વધી રહ્યું છે. ડબલ્યૂએચઓના અહેવાલ મુજબ. દુનિયાના સૌથી પ્રદૂષિત વીસ શહેરોમાં ભારતના ૧૪ શહેરોનો સમાવેશ થાય છે. ભારત દુનિયાનો સૌથી પ્રદૂષિત દેશ છે. ભારતમાં દર વર્ષે વીસ લાખથી વધારે લોકો પ્રદૂષિત હવાને કારણે જીવ ગુમાવે છે. ભારતના સૌથી પ્રદૂષિત શહેરોમાં દિલ્હી પ્રથમ સ્થાને, કાનપુર બીજા સ્થાને અને ગુરુગ્રામ ત્રીજા સ્થાને છે.


વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જારી કરેલા એક રિપોર્ટમાં જણાવ્યું કે ભારત સહિત નીચલા અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૯૮ ટકા બાળકો વર્ષ ૨૦૧૬માં અતિસુક્ષ્મ કણો (પીએમ) દ્વારા ઉત્પન્ન થયેલા વાયુ પ્રદૂષણનો શિકાર બન્યા હતા. ડબલ્યુએચઓએ પોતાના આ રિપોર્ટ 'વાયુ પ્રદુષણ અને બાળ આરોગ્ય- સ્વચ્છ હવાનો નુસ્ખો'માં પ્રકાશિત કર્યો હતો. તેમાં જણાવાયું છે કે પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૬૦,૯૮૭ બાળકો પી.એમ ૨.૫ના કારણે મૃત્યુ પામ્યા છે. આ વિશ્વમાં સૌથી વધુ છે. ત્યાં બીજા નંબર પર નાઈજીરિયા છે જ્યાં ૪૭૬૭૪ બાળકોના મૃત્યુ થયા છે. તો પાકિસ્તાનમાં ૨૧,૧૩૬ બાળકો પ્રદૂષણનો શિકાર બન્યા છે.


આ ઉંમરમાં મૃત્યુ દર ૧ લાખ બાળકો પર ૫૦.૮ છે. મૃત બાળકોમાં છોકરીઓની સંખ્યા છોકરાઓથી વધુ છે. વર્ષ ૨૦૧૬માં ૩૨,૮૮૯ છોકરીઓના મોત થયા હતા. તમામ વયના બાળકોની વાત કરીએ તો આ વર્ષે વાયુ પ્રદૂષણના કારણ એક લાખ બાળકોના મોત થયા છે. રિપોર્ટ મુજબ, રસોઈથી ઘરની અંદર ઉત્પન્ન થતું વાયુ પ્રદૂષણ અને ઘર બહારના વાયુ પ્રદૂષણથી વિશ્વભરમાં ભારત જેવા ઓછા અને મધ્યમ વર્ગના દેશોમાં બાળકોના સ્વાસ્થ્યને ભારે નુકસાન થાય છે. રિપોર્ટમાં જણાવાયું છે કે લગભગ ૨૦ લાખ લોકોની મૃત્યુ પ્રદૂષણના કારણે થઈ છે, જે સમગ્ર દુનિયાનું ૨૫ ટકા છે. વિશ્વભરમાં નીચલા અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો ડબલ્યુએચઓ ગુણવત્તા સામાન્ય સ્તરથી ઉપરના સ્તર પર પી.એમ ૨.૫થી પ્રભાવિત થઈ રહ્યા છે. તો બીજી તરફ વધુ આવકવાળા દેશોમાં ૫૨ ટકા બાળકો ડબલ્યુએચઓ વાયુ ગુણવત્તા સામાન્ય સ્તરથી ઉપરના સ્તર પર પીએમ ૨.૫થી પ્રભાવિત થાય છે.


વૈશ્વિક સ્તરે, દુનિયાભરના ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ૯૮ ટકા બાળકો ડબલ્યુએચઓ વાયુ ગુણવત્તાના સ્તરથી ઉપરના સ્તરે ઘરમાંથી બહાર પીએમ ૨.૫થી રૂબરૂ થઈ રહ્યા છે. તેમાં પાંચ વર્ષની ઉંમરનાં ૬૩ કરોડ બાળકો અને ૧૫ વર્ષથી ઓછી ઉંમરના ૧.૮ અબજ બાળકો છે. પી.એમ ૨.૫ સ્વાસ્થ્ય માટે પી.એમ ૧૯થી વધુ જોખમી છે.


ઉલ્લેખનીય છે કે છેલ્લા બે અઠવાડિયા દરમિયાન પી.એમ. ૨.૫ જોખમી સ્તર પર છે. સોમવારે દિલ્હીના આકાશ પર ધુમ્મસનું મોટું સ્તર હતું જ્યારે સમગ્ર હવા ગુણવત્તા એક્યુઆઈ ૩૪૮ પર પહોંચ્યું હતું. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જણાવ્યા મુજબ હવા ગુણવત્તા 'બહુ ખરાબ'ની કેટેગરીમાં હતી.

સ્ટેચ્યુના અનાવરણમાં મોદી સરકારના વિરોધમાં આદિવાસી નેતાએ પોતાના લોહીથી વિરોધ દર્શાવ્યો









રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટી બાબતે દેશભર ના ૧૦૦ થી વધુ આદિવાસી સંઘટનો વિરોધ કરી રહ્યા છે ત્યારે નર્મદા જિલ્લા ના યુવા આદિવાસી આગેવાન ડો પ્રફુલ વસાવા એ ૩૧ ઓક્ટોબર સ્ટેચ્યુ ઓફ યુનિટી ના અનાવરણ મોદી સરકાર ના વિરોધ મા પોતાના લોહી થી સૂત્રો લખી વિરોધ વ્યક્ત કર્યો હોય તેની બોલતી તસવીર છે જેમાં મોદી વિરુદ્ધ લોહી થી લખેલા સૂત્રો આ મુજબ ના છે

૧) નરેન્દ્ર મોદી આદિવાસીઓ નો દુશ્મન છે.

૨) નરેન્દ્ર મોદી મુર્દાબાદ

૩) સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા માટે નહીં આદિવાસી ઓ ના વિનાશ માટે બન્યું છે.

૪) આદિવાસી એકતા જિંદાબાદ

૫) અખંડ ભારત ને ખંડિત કોણે કર્યું? નરેન્દ્ર મોદી

૬)જાન દેંગે, જમીન નહીં.

૭) જલ, જમીન, જંગલ હમારા હૈ

૮) અનુસુચિ - ૫ લાગુ કરો

આમ ગુજરાત માં ઠેર ઠેર સ્ટેચ્યુ બાબતે આદિવાસીઓ માં વિરોધ જોવા મળી રહ્યો છે ત્યારે સ્ટેચ્યુ ને આદિવાસીઓ નો વિનાશ ગણાવતા આદિવાળી આગેવાનો માં નર્મદા જિલ્લા ના યુવા આગેવાન પ્રફુલ વસાવા એ કંઈક હટકે પોતાના લોહી થી સૂત્રો લખી વિરોધ દર્શાવ્યો છે .

મોરબી પાલિકાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય, પાલિકામાં ભાજપ-કોંગ્રેસની ૨૬-૨૬ બેઠક



મોરબી નગરપાલિકાની વોર્ડ નંબર ૨ ની એક બેઠકની પેટા ચૂંટણી માટે નીચું મતદાન થયા બાદ આજે મત ગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં કોંગ્રેસના દયાબેન સોલંકીનો વિજય થયો છે તો પાલિકાની ૫૨ માંથી ૨૬ બેઠક પર ભાજપ અને સામે કોંગ્રેસ પણ ૨૬ ના આંક પર પહોંચ્યું છે

વોર્ડ ૨ ની પેટા ચુંટણીમાં ભાજપમાંથી રાજુલબેન મહેશભાઈ પરમાર, કોંગ્રેસમાંથી દયાબેન રવજીભાઈ સોલંકી અને બસપાના કંચનબેન પ્રવીણભાઈ ચાવડા વચ્ચે ત્રિપાંખીયો જંગ જામ્યો હતો જેમાં આજે મત ગણતરી કરતા ભાજપના રાજુલાબેન પરમારને ૧૭૦૨ મત મલ્યા હતા જયારે બસપાના કંચનબેન ચાવડાને ૫૪૧ મત મળ્યા હતા તો સૌથી વધુ ૨૬૧૭ મત મેળવીને કોંગ્રેસના દયાબેન સોલંકી વિજયી બન્યા છે થોડા સમય પૂર્વે યોજાયેલી પેટ ચૂંટણીમાં તમામ છ બેઠકો કબ્જે કરીને ભાજપ ૨૬ પર પહોંચ્યું હતું અને આ એક બેઠક જીતે પાલિકામાં સ્પષ્ટ બહુમતી થાય જયારે એક બેઠક ભાજપને ના જીતવા દેવા કોંગ્રસે કમર કરી હતી અને કોંગ્રેસના વિજયથી હવે બંને પક્ષો પાસે ૨૬-૨૬ બેઠકો છે ત્યારે આગામી દિવસોમાં હવે તોડજોડની રાજનીતિ પણ જોવા મળી શકે છે

અંકલેશ્વર શહેર પોલીસે બે અલગ અલગ જગ્યા પરથી લાખોનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો



અંકલેશ્વર શહેર પોલીસ મથકના પોલીસ સ્ટાફ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.તે દરમ્યાન બાતમીના આધારે તાહોમતદાર ગોમાન ઉર્ફે ગુલીયો કાલીદાસ વસાવાએ પોતાની તવેરા ગાડી નંબર જીજે ૨૧એએ ૫૫૫૮માં ગેરકાયદેસર દારૂ કિંમત રૂપિયા ૬૭,૨૦૦ તથા તવેરા ગાડીની કિંમત રૂપિયા ૧ લાખ મળીને કુલ રૂપિયા ૧,૬૭,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે અન્ય બીજા કેશમાં પણ બાતમીના આધારે આકાશ કાનજી વસાવા,વિજય ઉર્ફે લાલો બચુ વસાવા તથા વોન્ટેડ શાહરૂખ પઠાણ પોતાના કબ્જાની એક્ટિવા નંબર જીજે૧૬સીએ૧૪૪૧ ઉપર આગળના ભાગે મીણીયા થેલામાં ઈંગ્લીશ દારૂની હેરા ફેરી કરતા દારૂની કિંમત રૂપિયા ૯૪૦૦ તથા એક્ટિવા ગાડીની કિંમત રૂપિયા ૨૦,૦૦૦ મળીને કુલ રૂપિયા ૨૯૪૦૦ ના મુદ્દામાલ સાથે શહેર પોલિસે ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પતિઓ મોબાઈલ પર વાત કરતા થઈ જજો સાવધાન...!!

પતિનો અન્ય સ્ત્રી સાથે આડો સંબંધ હોવાના વહેમે રિસાઈ ને પિયર જતી રહેલી પત્ની એ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

સાગબારા ના રાણીપુર ગામે બનેલી આ ઘટના બાદ સાગબારા પોલીસ મથક ફરિયાદ દાખલ અ.મોત નો ગુનો દાખલ

રાજપીપળા : નર્મદા જિલ્લા ના સાગબારા તાલુકા માં આવેલા રાણીપુર ગામે પરણેલી લક્ષાબેન નિલેશભાઈ પાડવી ને પોતાના પતિ અન્ય મહિલા સાથે સંબંધ ધરાવતા હોવાનો વ્હેમ હતો પતિ નિલેશ અને પત્ની મહેનત મજુરી કરી જીવન નિર્વાહ ચલાવતા હોય અને તેઓ તેમના પતિ બાળકો સાથે ગયા ઉનાળાના સમય થી કાઠીયાવાડ તરફ મજુરી કામે ગયેલ હતા ત્યા તેનો પતિ ફોન ઉપર કોઈની સાથે વાતો કરતો હોય જેથી તે કોઈની સાથે આડો સબંધ રાખતો હોવાની શંકા મરનાર લાક્ષાબેન કરતી હોય જે વાતને લઈને તેમની વચ્ચે બોલાચાલી થતા મરનારબેન છેલ્લા બે એક માસથી તેના પિયરમાં રાણીપુર ગામે આવી આવીને રહેતી હોય જેથી તેને તેના સાસરી પક્ષવાળાને તેડી જવા જણાવેલ પરંતુ તેનો પતિ કે તેની સાસરી પક્ષના કોઈ સભ્યો આજદિન સુધી તેડવા નહી જતા તેના મનમાં લાગી આવતા તે ઘરે એકલી હોય તે દરમ્યાન તેણે તેમના ઘરમા આવેલ માળાની વળી સાથે નાઈલોનની દોરી બાંધી પોતાની જાતે જ ગળે ફાંસો ખાઈ મોત ને ભેટતા આ બાબતે સાગબારા પોલીસે અ.મોત નું ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે તપાસ વા ય . એ સ . શિ ર સા ઠ પોલીસ.સબ ઈન્સ્પેકટર સાગબારા પોલીસ સ્ટેશન કરી રહ્યા છે .

વાંકાનેરમાંથી કોલસાના વેપારીનું રૂપિયાની ઉઘરાણીમાં અપહરણ થયા બાદ ક્લાકોમાં છુટકારો



એલસીબીએ કરેલી ત્વરિત કાર્યવાહીને પગલે વેપારીને છૂટકારો

મોરબીના ચકમપર ગામના રહેવાસી અને હાલ અમદાવાદ વસવાટ કરતા પટેલ યુવાનનું ગઈકાલે વાંકાનેર ઢુંવા ચોકડી નજીકથી મોરબીના બે શખ્સોએ કારમાં અપહરણ કરી જઈ ઢોર માર મારવા મામલે એલસીબીમાં ફરિયાદ થઈ હતી અને એલસીબી ટીમે કરેલી ત્વરિત કાર્યવાહીમાં છ અપહરણ કરનાર આરોપીને ઝડપી લઈને વેપારીને મુક્ત કરાવવામાં આવ્યો છે

મોરબીના રહેવાસી ગૌતમભાઇ દુર્લભજીભાઇ કાલરીયાએ એલસીબી કચેરીએ પહોંચીને અધિકારીને જણાવ્યું હતું કે તેના કાકાના દિકરા અમિતભાઇ ધરમશીભાઇ કાલરીયાને ઢુંવા ચોકડી ભવાની હોટલ સામેથી બાલુભાઇ અઘારા તથા રાજુભાઇ ઠક્કર તેમની ગાડીમાં અપહરણ કરી લઇ ગયા છે અને ભડીયાદ રોડ પર બાલ ગણેશ કોલ નામના કારખાનામાં ગોંધી રાખ્યા છે જે માહિતીને પગલે તુરંત એલસીબી ટીમે તપાસ આદરી હતી અને વેપારીનો છુટકારો કરાવવા હાથ ધરેલા ઓપરેશનમાં સંભવિત માહિતી વાળા સ્થળ પર તપાસ કરતા વેપારી અને આરોપીઓ મળી આવતા તમામન આરોપીને ઝડપી એલ.સી.બી. કચેરી ખાતે લાવવામાં આવ્યા હતા.

અને કોલસાના વેપારી અમિતભાઇ ધરમશીભાઇ કાલરીયા (ઉ.વ.૩૪) વાળાએ અપહરણ કરનાર આરોપી બાલુભાઇ થોભાણભાઇ અઘારા ઉ.વ.૩૩.રહે.મોરબી. રવાપર રોડ, નરસંગ સોસાયટી, રાજુભાઇ પ્રાણજીવનભાઇ ઠકકર રહે, મોરબી-૨, હાઉસીગ બોર્ડ, ગેંડા સર્કલ પાસે મુળ રહે.થરા, જી.બનાસકાંઠા, ભાવેશભાઇ ધરમશીભાઇ માકાસણા, ઉ.વ.૩૨, રહે.ધરમપુર. પ્લોટ વિસ્તાર, તા.જી.મોરબી, પ્રવિણભાઇ માવજીભાઇ ધોડાસરા, ઉ.વ.૩૮, રહે.મોરબી-૨, ઉમા ટાઉનશીપ. રોયલ હાઇટસ એ-૨૦૪. તા.જી.મોરબી., આશિષ ત્રીભોવનભાઇ ધોડાસરા, ઉ.વ.૩૩, રહે.મોરબી-૨,ગોપાલ સોસાયટી. ગોમતી નિવાસ. તા.જી.મોરબી અને અભિ ઇશ્વરભાઇ ચાડમીયા, ઉ.વ.૨૪. રહે.મોરબી. રવાપર રોડ. વૃન્દાવન એપાર્ટમેન્ટ બ્લોક નં.૨૦૧ વિરુદ્ધ ફરિયાદનોંધાવી છે

જેમાં ભોગ બનનાર ફરિયાદી વેપારીએ જણાવ્યું છે કે સાંજના આશરે સાડા પાંચેક વાગ્યાના અરસામાં ભવાની હોટલ સામે, ઢુંવા ચોકડી, નજીકથી આરોપીએ એક સંપ કરી પુર્વ આયોજીત કાવતરૂ રચી ફરીયાદી અમિતભાઇ પાસેથી આરોપીઓએ કોલસાના રૂપિયા માંગતા હોય તે કઢાવવા સારૂ વરના ગાડી નંબર જીજે-૧ કેએન-૬૪૪૪ માં અપહરણ કરી લઇ જઇ અલગ અલગ કારખાનામાં ગોંધી રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી, ઢીકા પાટુનો માર મારી, મૃત્યુનો ભય બતાવી રૂપિયા ૧૦૦ના સ્ટેમ્પપાં ફરીયાદીની મિલકત લખેલ લખાણમાં બળજબરીથી મિલ્કત પડાવી લેવા કોશીશ કરી ગુન્હાહિત કાવતરૂ રચ્યાનું જણાવ્યું છે વાંકાનેર પોલીસે વેપારીનું અપહરણ કરવા મામલે તમામ છ આરોપીઓ વિરુદ્ધ આઇપીસી કલમ ૩૬૫, ૩૮૭, ૧૨૦ (બી), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ રચી ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

મોરબીના દરબાર ગઢ નજીકથી તરુણ અને તરુણી બેભાન અવસ્થામાં મળ્યા



મોરબીના દરબાર ગઢ નજીક ગત રાત્રીના સમયે એક તરુણ અને તરુણી બેભાન અવસ્થામાં મળી આવ્યા બાદ પોલીસ અને ૧૦૮ ટીમને જાણ કરવામાં આવી હતી અને તુરંત હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા અને સમયસર સારવાર મળ્યા બાદ બંનેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે તો હાલ બંનેને પોલીસ મથકે રાખીને પોલીસે તપાસ ચલાવી છે જોકે બંને તરુણ અને તરુણી કેમ બેભાન મળી આવ્યા તે રહસ્ય હજુ અકબંધ જ છે

લાંચ કેસના આરોપી હળવદના ધારાસભ્ય સાબરીયાને મોડી રાત્રે સિવિલ હોસ્પિટલ ખસેડાયા



હૃદયના ધબકાર અને બીપી વધી ગયા : સૂત્રો

મોરબી નાની સિંચાઈના કૌભાંડમાં લાંચ માંગવાના કેસમાં ધારાસભ્ય પરસોતમ સાબરીયાની ધરપકડ કરવામાં આવી છે અને રિમાન્ડ મંજુર થયા બાદ રાત્રીના તેમની તબિયત સારી ના હોય સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ

હળવદના ધારાસભ્ય પરષોત્તમ સાબરીયાની ઉપ લાખના લાંચ કેસમાં પોલીસે અટકાયત કર્યા બાદ ગઈકાલે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને કોર્ટે એક દિવસના પોલીસ રિમાન્ડ મંજુર કર્યા છે ત્યારે મોડી સાંજના સમયે હૃદયના ધબકારા ને બીપી વધી ગયું હોવાનું ધારાસભ્યએ પોલીસને જણાવતા તેમને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા અને જરૂરી સારવાર આપી હોવાનું આધારભુત સૂત્રો જણાવી રહયા છે

સંતોષી વસાહતના રહીશોએ અન્ય સોસાયટીનો રસ્તો બંધ કરી દેતા મામલો ગરમાયો હતો



ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલ નૂરાની પાર્ક,હબીબ પાર્ક,સાબેના પાર્ક તથા બીજલી નગર સોસાયટીઓને જોડતા સંતોષી માતાના મંદિર પાસેથી પસાર થતા મુખ્ય માર્ગ પર ગેરકાયદેસર દબાણો ઉભા થયા હોવાની ફરિયાદ સોસાયટી રહીશોએ ઉઠાવતા વિવાદ ઉભો થયો હતો.સંતોષી માતા મંદિર પાસે રહેતા લોકોએ વિવાદના પગલે સીધો માર્ગ જ બંધ કરી દેતા લાલધુમ બનેલ સોસાયટી રહીશોએ પાલિકા કચેરી પર હલ્લાબોલ કરી ઉગ્ર રજૂઆતો કરી ન્યાયની માંગણી ઉઠાવી હતી.

ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલ નૂરાની પાર્ક, હબીબપાર્ક, બીજલી નગર અને સાબેના પાર્કના રહીશોએ થોડા સમય પહેલા સોસાયટીને જોડતા માર્ગ પર ગેરકાયદેસર દબાણો ઉભા થયા હોવાની ફરિયાદ ઉઠાવી તેને દુર કરવાની માંગ ઉઠાવી હતી. જેના ઘેરા પ્રત્યાઘાતો સંતોષી માતા મંદિરની આસપાસ રહેતા લોકોમાં પડતાં હતાં. સ્થાનિક રહીશોએ ૨૪ ઓકટોબરના રોજ મીટીગ બોલાવી માર્ગને સોસાયટીના રહીશોની અવરજવર માટે બંધ કરાવવાનું નક્કી કર્યુ હતું. જેના પગલે સોસાયટી રહીશોએ વધુ એક વખત કલેકટર અને પાલિકતંત્રને રજૂઆત કરી હતી. જો કે તંત્ર કોઈ પગલા લે તે પહેલા જ સંતોષી વસાહતના લોકોએ માર્ગમાં આડશો ઉભી કરી બંધ કરી દેતા વિવાદ વધુ વકર્યો છે.

સોસાયટી રહીશો માટે અવરજવરન માર્ગ બંધ કરી દેવાતા તેઓ લાલધુમ બન્યા હતાં.આજરોજ ચાર સોસાયટીની મહિલાઓ સાથેના લોકો મોટી સંખ્યામાં પાલિકાની ચાલી રહેલ સામાન્ય સભા વખતે કચેરી ખાતે ઘસી આવી પાલિકા કચેરીમાં હોબાળો મચાવ્યો હતો.

મુખ્ય અધિકારીએ જણાવ્યું હતું કે ,સંતોષી વસાહત સરકારી વસાહત હોવાના કારણે માર્ગ અંગેની જવાબદરી પ્રાંત પાસે હોવાનું જણાવતા લોકોનું ટોળુ પ્રાંત કચેરી ખાતે દોડી આવ્યું હતું. જેમાં પ્રાંત અધિકારીએ મુખ્ય અધિકારી પર જવાબદારી નાખતા સોસાયટી રહીશો ગરમાયા હતાં.તંત્રની બાયબાય ચારણી કરાવવાની વૃત્તિ સામે ગરમાયેલા લોકોએ કલેકટર કચેરીના કેમ્પસમાં જ અડીગો જમાવી ન્યાયની માંગ ઉઠાવી હતી.

જયારે કલેક્ટરે વહેલી તકે ગેરકાયદેસર બંધ કરવામાં આવેલ રસ્તાઓ લોકોની અવર જવર માટે ખોલી મુકવામાં આવતા આખરે મામલો થાળે પડતાં લોકોએ હાશ કારો અનુભવ્યો હતો.